| | |
|---|---|
| મળ્યા તારીખ | ૨૭/૦૯/૨૦૧૬ |
| રજિસ્ટરે નોંધ્યા તારીખ | ૨૭/૦૯/૨૦૧૬ |
| ફેંસલ કર્યા તારીખ | ૦૧/૦૧/૨૦૨૫ |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | | | |

સત્યમેવ જયતે

.........................................................................................

**૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ, અમદાવાદ સીટી, કોર્ટ નં. ૫.**

.........................................................................................

**<u>ક્રિ.કેસ નં.૫૦૨૬૬૫/૨૦૧૬.</u>**
**<u>આંક–૧૮.</u>**

**ફરીયાદી :–** નામદાર સરકાર
(મુળ ફરીયાદી:– મહંમદઆમીર મતીન અહેમદ શેખ)

**વિરુઘ્ઘ**

**આરોપી :–** (૧) ફિરોજ ઉર્ફે ચૌર મહંમદ હનીફ શેખ, ઉ.વ.પુખ્ત,
રહે. મ.નં.૧૪૫૦, બિલાલ મસ્જીદની પાછળ, પટવા શેરી,
ત્રણ દરવાજા કારંજ, અમદાવાદ.
(૨) મહંમદ હૈદર ઉર્ફે ટીપુ મહંમદહનીફ શેખ, ઉ.વ.પુખ્ત,
રહે. મ.નં.૧૪૫૦, બિલાલ મસ્જીદની પાછળ, પટવા શેરી,
ત્રણ દરવાજા કારંજ, અમદાવાદ.

**ગુનો: ઈ.પી.કોડની કલમ : ૩૯૪, ૪૫૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ : ૧૩૫(૧) મુજબ...**

.........................................................................................

ફરીયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રી એચ.એસ.પંચાલ
આરોપી પક્ષ તરફે વિ.વકીલશ્રી. એ.એસ. ઘાંચી.

.........................................................................................

**–:: <u>ચુકાદો</u> ::–**

(૧) ફરીયાદપક્ષનાં કેસની ટુંકમાં હકીકત એવી છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૭/૨૦૧૬ ના કલાક ૧૯:૦૦ વાગે પટવા શેરી ''૮૮ ચિકન દાના'' નામની દુકાન આગળ જાહેરમાં ગ્રાહકોએ મો.સા. પાર્ક કરેલ હોય તે હટાવી લેવા બાબતે ફરીયાદી સાથે બોલાચાલી કરી જતા રહેલ બાદ આરોપી નં.૧ અને ૨ બંને ફરીયાદીની દુકાનમાં હથિયારો સાથે ઘુસી આવી સાહેદ મહં

મદજકીને આરોપી નં.૧ નાએ પોતાના હાથમાંની છરી વડે કપાળની ડાબી બાજુ તથા ગળા ઉપર તથા કાનના પાછળના ભાગે તેમજ મોઢા ઉપર ઈજા કરી આરોપી નં.૨ નાએ પોતાના હાથમાંની પાઈપ વડે ફરીયાદીને ખભાના ડાબી બાજુ ઈજા કરી ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ ગલ્લામાંથી બં ને આરોપીઓએ રોજી–રોટીના તથા વકરાના રૂા.૨૦,૦૦૦/– ની લુંટ કરી દુકાનમાં તોડફોડ કરી અંદાજે રૂા.૧૨,૦૦૦/– નું નુકશાન કરી ફરીયાદીના ઘરે જઈ સાહેદો રીઝવાનાબાનુ તથા રૂકશારબાનુ નાઓને જાનથી મારી નાંખવાની ઘમકી આપી ગાળા ગાળી કરી એકબીજાની મદદગારી કરી મળી આવી પકડાઈ જઈ ગુનો કર્યો અને આ બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪, ૪૫૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ : ૧૩૫(૧)** મુજબનો ગુનો કર્યાની ફરીયાદ નોંધાતા તે મુજબ પોલીસે તપાસના અંતે ચાર્જશીટ રજુ કરેલ છે.

(૨) આરોપીઓ કોર્ટમાં હાજર થતાં, આરોપીઓને ક્રી.પ્રો.કો.કલમ ૨૦૭ મુજબ ચાર્જશીટ તથા પોલીસ તપાસના કાગળોની નકલો આપવામાં આવેલી છે. ત્યાર બાદ આરોપીઓ વિરુધ્ધ તહોમતનામું ફરમાવી, આરોપીઓ વિરુધ્ધ ઈન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે અને ફરીયાદપક્ષનો પુરાવો નોંધવામાં આવેલ છે.

(૩) આ કામે ટ્રાયલ દરમ્યાન ફરીયાદપક્ષ તરફથી નીચે મુજબના મૌખીક અને દસ્તાવેજી પુરાવા રજુ થયેલ છે :–

**–: મૌખિક પુરાવો :–**

| ક્રમ | સાહેદનું નામ | આંક |
|---|---|---|
| ૧ | ફરીયાદી મહંમદ આમીર મતીન અહેમદ શેખ | ૯ |
| ૨ | સાહેદ શેખ રૂકશાર મો. આમીર | ૧૧ |
| ૩ | સાહેદ મતીન અહેમદ મો. હનીફ શેખ | ૧૨ |
| ૪ | સાહેદ ઝકી હબીબભાઈ શેખ | ૧૩ |

## –: <u>દસ્તાવેજી પુરાવો</u> :–

| <u>ક્રમ</u> | <u>દસ્તાવેજની વિગત</u> | <u>આંક</u> |
|---|---|---|
| ૧ | ફરીયાદ. | ૧૦ |
| ૨ | સાહેદ હબીબુરેહમાન નો મરણનો દાખલો. | ૧૪ |
| ૩ | સાહેદ રીઝવાનાબાનુ નો મરણનો દાખલો. | ૧૫ |
| ૪ | સમાધાન પુરસીસ. | ૧૬ |
| ૫ | કલોઝીંગ પુરસીસ. | ૧૭ |

(૪) સદર કેસના આખરી નિકાલ અર્થે મારી સમક્ષ નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થયાં છે :–

(૧) શું ફરીયાદપક્ષ નિ:શંક રીતે પુરવાર કરે છે કે, આ કામના આરોપીઓએ તા.૦૬/૦૭/૨૦૧૬ ના કલાક ૧૯:૦૦ વાગે પટવા શેરી ''૮૮ ચિકન દાના'' નામની દુકાન આગળ જાહેરમાં ગ્રાહકોએ મો.સા. પાર્ક કરેલ હોય તે હટાવી લેવા બાબતે ફરીયાદી સાથે બોલાચાલી કરી જતા રહેલ બાદ આરોપી નં.૧ અને ૨ બંને ફરીયાદીની દુકાનમાં હથિયારો સાથે ધુસી આવી સાહેદ મહંમદજકીને આરોપી નં.૧ નાએ પોતાના હાથમાંની છરી વડે કપાળની ડાબી બાજુ તથા ગળા ઉપર તથા કાનના પાછળના ભાગે તેમજ મોઢા ઉપર ઈજા કરી આરોપી નં.૨ નાએ પોતાના હાથમાંની પાઈપ વડે ફરીયાદીને ખભાના ડાબી બાજુ ઈજા કરી ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ ગલ્લામાંથી બંને આરોપીઓએ રોજી–રોટીના તથા વકરાના રૂા.૨૦,૦૦૦/– ની લુંટ કરી દુકાનમાં તોડફોડ કરી અંદાજે રૂા.૧૨,૦૦૦/– નું નુકશાન કરી ફરીયાદીના ઘરે જઈ સાહેદો રીઝવાનાબાનુ તથા રૂકશારબાનુ નાઓને જાનથી મારી નાંખવાની ધમકી આપી ગાળા ગાળી કરી એકબીજાની મદદગારી કરી મળી આવી પકડાઈ જઈ તે બાબતે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪, ૪૫૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ : ૧૩૫(૧)** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ છે ?

(૨) શું હુકમ ?

(૫) <u>ઉપરોકત મુદ્દાઓ પરત્વે મારા નીર્ણયો નીચે મુજબ છે.</u>

(૧) નકારાત્મક

(૨) આખરી હુકમ મુજબ.

(૬) આ કામે **આંક–૯** થી **ફરીયાદી મહંમદ આમીર મતીન અહેમદ શેખ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ બનેલો. આરોપીઓએ તેમના મહોલ્લામાં રહેતા હોય જેથી ઓળખે છે તેમની સાથે તેઓની જે તેમની દુકાન હતી તે બાબતે ગ્રાહકો પાર્ક કરેલ હોવાની બાબતે ઝઘડો થયેલો જેમા વધુ ઝઘડો થતા તેમના ખભામાં ડાબી બાજુ કોઈ વસ્તુથી ઈજા થયેલી. તે વખતે તેઓના મોટા પપ્પા મહંમદ હબીબ એને પણ આ ઝઘડામાં ઈજા થયેલી. જેમને હાથમાં ઈજા થયેલી. તેઓ બંનેને લોહી નિકળેલુ હોય આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા તેમાંથી અમુક લોકો પો.સ્ટે. લઈ ગયેલા તે વખતે તેમના ઘર ઉપર મહોલ્લાના ઘણા લોકો ગયેલા. જેના કારણે તેમના ઘરના લોકો ગભરાઈ ગયેલા બનાવની તેઓએ ફરીયાદ આપેલી તેમા તેમની સહી છે. જે રજુ દા.આં.–૧૦ આપવામાં આવે છે. તેઓ બંને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા. આ ઝઘડામાં તેઓની દુકાનમાંથી કોઈ વીસ હજાર લઈ ગયેલ કોણ લઈ ગયેલ તેની તેમને ખબર નથી. દુકાનમાં પણ તોડફોડ કરી નુકશાન કરેલ.

ત્યારબાદ સદર ફરીયાદીને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

આરોપીઓ તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. અને કોઈ નુકશાન કરેલ નથી. અને કોઈ લુંટ કરેલ નથી. સામાન્ય બોલાચાલીમાં પડી જવાથી ઈજાઓ થયેલી. સમાધાન થઈ ગયેલ હોવાથી તેમને વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ આપવા નથી. હબીબભાઈ તેમના મોટા પપ્પા થાય છે તેઓ લોક ડાઉનમાં ગુજરી ગયેલ છે. ગુજરીી ગયેલાનું મરણ સર્ટી રજુ કરુ છુ જે રજુ **દા.આં.–૧૪** આપવામાં આવે છે. રીઝવાનાબાનુ તેમના મમ્મી થાય છે જે તા.૦૪/૧ ૨/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે તેનુ મરણનું સર્ટી રજુ કરુ છુ જે સર્ટી રજુ **દા.આં.–૧૫** આપવામાં આવે છે.

(૭) આ કામે **આંક–૧૧** થી **સાહેદ શેખ રૂકશાર મો. આમીર** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ બનેલો. આરોપીઓ તેમના મહોલ્લામાં રહેતા હોય જેથી ઓળખે છે. તેમની સાથે તેઓની જે દુકાન હતી તે બાબતે ગ્રાહકો પાર્ક કરેલ હોવાની બાબતે ઝઘડો થયેલો જેમા વધુ ઝઘડો થતા તેમના ખભામાં ડાબી બાજુ કોઈ વસ્તુથી ઈજા થયેલી. તે વખતે તેમના મોટા પપ્પા મહંમદ હબીબ એને પણ આ ઝઘડામાં ઈજા થયેલી. જેમને હાથમાં ઈજા થયેલી. તેઓ બંનેને લોહી નિકળેલુ હોય આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા તેમાંથી અમુક લોકો પો.સ્ટે. લઈ ગયેલા તે વખતે તેમના ઘર ઉપર મહોલ્લાના ઘણા લોકો ગયેલા. જેના કારણે તેમના ઘરના લોકો ગભરાઈ ગયેલા બનાવની તેમના પતિએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. તેઓ બં ને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા. આ ઝઘડામાં તેમની દુકાનમાં થી કોઈ વીસ હજાર લઈ ગયેલ કોણ લઈ ગયેલ તેની તેમના પતિને ખબર નથી. તેઓની દુકાનમાં પણ તોડફોડ કરી નુકશાન કરેલ.

ત્યારબાદ સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

આરોપીઓ તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે, માર મારેલ નથી કે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. અને કોઈ નુકશાન કરેલ નથી. અને કોઈ લુંટ કરેલ નથી. સામાન્ય બોલાચાલીમાં પડી જવાથી ઈજાઓ થયેલી. સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓને વધુમાં કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ આપવા નથી. હબીબભાઈ તેમના મોટા પપ્પા થાય છે તેઓ લોક ડાઉનમાં ગુજરી ગયેલ છે. ગુજરી ગયેલાનું મરણ સર્ટી રજુ કરુ છુ જે રજુ **દા.આં.–૧૪** આપવામાં આવે છે. રીઝવાનાબાનુ તેમના મમ્મી થાય છે. તા.૦૪/૧૨/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે. તેનુ મરણનું સર્ટી રજુ કરુ છુ જે સર્ટી રજુ **દા.આં.–૧૫** આપવામાં આવે છે.

(૮) આ કામે **આંક–૧૨** થી **સાહેદ મતીન અહેમદ મો.હનીફ શેખ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ બનેલો. આરોપીઓ તેમના મહોલ્લામાં રહેતા હોય જેથીી ઓળખે છે. તેમની સાથે તેઓની જે દુકાન હતી તે બાબતે ગ્રાહકો પાર્ક કરેલ હોવાની બાબતે ઝઘડો થયેલો જેમા વધુ ઝઘડો થતા તેમના ખભામાં ડાબી બાજુ કોઈ વસ્તુથી ઈજા થયેલ. તે વખતે તેમના મોટા પપ્પા મહંમદ હબીબ એને પણ આ ઝઘડામાં ઈજા થયેલી. જેમને હાથમાં ઈજા થયેલી. તેઓ બંનેને લોહી નિકળેલુ હોય આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા તેમાંથી અમુક લોકો પો.સ્ટે. લઈ ગયેલા તે વખતે તેમના ઘર ઉપર મહોલ્લાના ઘણા લોકો ગયેલા. જેના કારણે તેમના ઘરના લોકો ગભરાઈ ગયેલા બનાવની

તેમના દિકરાએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. તેઓ બં ને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા. આ ઝઘડામાં તેમની દુકાનમાં થી કોઈ વીસ હજાર લઈ ગયેલ કોણ લઈ ગયેલ તેની તેમના પતિને ખબર નથી. તેમની દુકાનમાં પણ તોડફોડ કરી નુકશાન કરેલ.

ત્યારબાદ સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

આરોપીઓ તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે, માર મારેલ નથી કે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. અને કોઈ નુકશાન કરેલ નથી. અને કોઈ લુંટ કરેલ નથી. સામાન્ય બોલાચાલીમાં પડી જવાથી ઈજાઓ થયેલી. સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓને વધુમાં કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ આપવા નથી. હબીબભાઈ તેમના મોટા ભાઈ થાય છે તેઓ લોક ડાઉનમાં ગુજરી ગયેલ છે. ગુજરી ગયેલાનું મરણ સર્ટી રજુ કરુ છુ જે રજુ **દા.આં .–૧૪** આપવામાં આવે છે. રીઝવાનાબાનુ તેમના પત્ની થાય છે. તા.૦૪/૧ ૨/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે. તેનુ મરણનું સર્ટી રજુ કરુ છુ જે સર્ટી રજુ **દા.આં.–૧૫** આપવામાં આવે છે.

(૯) આ કામે **આંક–૧૩** થી **સાહેદ ઝકી હબીબભાઈ શેખ** ને તપાસેલા છે જેઓ કોર્ટ સમક્ષ પોતાની સોગંદ પરની જુબાનીમાં જણાવે છે કે, બનાવ આશરે આઠેક વર્ષ અગાઉ બનેલો. આરોપીઓ તેમના મહોલ્લામાં રહેતા હોય જેથી ઓળખે છે. તેમની સાથે તેઓની જે દુકાન હતી તે બાબતે ગ્રાહકો પાર્ક કરેલ હોવાની બાબતે ઝઘડો થયેલો જેમા વધુ ઝઘડો થતા તેમના ખભામાં ડાબી બાજુ કોઈ વસ્તુથી ઈજા થયેલ. તે વખતે તેમના મોટા પપ્પા મહંમદ

હબીબ એને પણ આ ઝઘડામાં ઈજા થયેલી. જેમને હાથમાં ઈજા થયેલી. તેઓ બંનેને લોહી નિકળેલુ હોય આજુબાજુના માણસો ભેગા થઈ ગયેલા તેમાંથી અમુક લોકો પો.સ્ટે. લઈ ગયેલા તે વખતે તેમના ઘર ઉપર મહોલ્લાના ઘણા લોકો ગયેલા. જેના કારણે તેમના ઘરના લોકો ગભરાઈ ગયેલા બનાવની તેમના ભાઈએ ફરીયાદ આપેલી. પોલીસે તેમનુ નિવેદન લીધેલુ. તેઓ બંને વી.એસ. હોસ્પિટલમાં સારવાર માટે ગયેલા. આ ઝઘડામાં તેમની દુકાનમાંથી કોઈ વીસ હજાર લઈ ગયેલ કોણ લઈ ગયેલ તેની તેમના પતિને ખબર નથી. તેમની દુકાનમાં પણ તોડફોડ કરી નુકશાન કરેલ.

ત્યારબાદ સદર પંચ સાહેદને હોસ્ટાઈલ જાહેર કરવામાં આવેલ છે અને હોસ્ટાઈલ જાહેર થયા બાદ એ.પી.પી.શ્રી તરફથી લેવામાં આવેલ ઉલટ તપાસમાં ફરિયાદપક્ષના કેસને સમર્થન મળે તેવી કોઈ હકિકત જણાવેલ નથી.

આરોપીઓ તરફે લેવામાં આવેલ **ઉલટ તપાસ**માં તેઓએ કબૂલ રાખેલ છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે, માર મારેલ નથી કે, જાનથી મારી નાંખવાની ધમકી આપેલ નથી. અને કોઈ નુકશાન કરેલ નથી. અને કોઈ લુંટ કરેલ નથી. સામાન્ય બોલાચાલીમાં પડી જવાથી ઈજાઓ થયેલી. સમાધાન થઈ ગયેલ હોવાથી તેઓને વધુમાં કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ આપવા નથી. હબીબભાઈ તેમના મોટા ભાઈ થાય છે તેઓ લોકડાઉનમાં ગુજરી ગયેલ છે. ગુજરી ગયેલાનું મરણ સર્ટી રજુ કરુ છુ જે રજુ **દા.આં.-૧૪** આપવામાં આવે છે. રીઝવાનાબાનુ તેમના પત્ની થાય છે. તા.૦૪/૧૨/૨૦૧૮ ના રોજ ગુજરી ગયેલ છે. તેનુ મરણનું સર્ટી રજુ કરુ છુ જે સર્ટી રજુ **દા.આં.-૧૫** આપવામાં આવે છે.

(૧૦) **ઈ.પી.કોડની કલમ : ૩૯૪, ૪૫૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ : ૧૩૫(૧)** મુજબનો ગુનો પુરવાર કરવા

માટે ફરીયાદપક્ષે પુરવાર કરવુ પડે કે, આ કામના આરોપીઓએ બનાવમાં દર્શાવેલ તારીખ અને સમયગાળા દરમ્યાન બનાવ વાળી જગ્યા એથી એટલે કે, પટવા શેરી ''૮૮ ચિકન દાના'' નામની દુકાન આગળ જાહેરમાં ગ્ર ાહકોએ મો.સા. પાર્ક કરેલ હોય તે હટાવી લેવા બાબતે ફરીયાદી સાથે બોલાચાલી કરી જતા રહેલ બાદ આરોપી નં.૧ અને ર બં ને ફરીયાદીની દુકાનમાં હથિયારો સાથે ધુસી આવી સાહેદ મહં મદજકીને આરોપી નં.૧ નાએ પોતાના હાથમાંની છરી વડે કપાળની ડાબી બાજુ તથા ગળા ઉપર તથા કાનના પાછળના ભાગે તેમજ મોઢા ઉપર ઈજા કરી આરોપી નં.ર નાએ પોતાના હાથમાંની પાઈપ વડે ફરીયાદીને ખભાના ડાબી બાજુ ઈજા કરી ગડદાપાટુનો માર મારી નીચે પાડી દઈ ગલ્લામાંથી બં ને આરોપીઓએ રોજી-રોટીના તથા વકરાના રૂા.ર૦,૦૦૦/- ની લુંટ કરી દુકાનમાં તોડફોડ કરી અંદાજે રૂા.૧ર,૦૦૦/- નું નુકશાન કરી ફરીયાદીના ઘરે જઈ સાહેદો રીઝવાનાબાનુ તથા રૂકશારબાનુ નાઓને જાનથી મારી નાં ખવાની ધમકી આપી ગાળા ગાળી કરી એકબીજાની મદદગારી કરી મળી આવી પકડાઈ જઈ. આ કામે **આંક-૯** થી **ફરીયાદી મહંમદ આમીર મતીન અહેમદ શેખ** ને તપાસવામાં આવેલ છે તેઓ તેમની ઉલટ તપાસમાં જણાવે છે કે, આરોપીઓએ કોઈ ગાળો આપેલ નથી કે માર મારેલ નથી કે જાનથી મારી નાં ખવાની ધમકી આપેલ નથી. અને કોઈ નુકશાન કરેલ નથી. અને કોઈ લુંટ કરેલ નથી. સામાન્ય બોલાચાલીમાં પડી જવાથી ઈજાઓ થયેલી. તેઓને સમાધાન થઈ ગયેલ હોવાથી તેમને વધુ કોઈ લેખિત કે મૌખિક પુરાવાઓ આપવા નથી. તેમ જણાવેલ છે.

આમ, હાલના આરોપીઓએ આક્ષેપિત ગુનો કર્યો હોય તેવી કોઈ હકીકત ફરીયાદપક્ષના ઉપરોકત રજુ થયેલ પુરાવાથી પુરવાર કરી શકેલ નથી, પરંતુ આ કામે ઉપરોકત ચર્ચા કર્યા અનુસાર ફરીયાદ પક્ષના ફરીયાદીએ પણ **આંક-૧૦** વાળી ફરીયાદને કોઈ સમર્થન આપેલ નથી. જેથી ફરીયાદ

હકીકતને લગીર માત્ર પણ સમર્થન મળતુ નથી. તેથી સદર ફરીયાદ પુરવાર થયેલ છે. તેવુ માની શકાય નહી, આવા સંજોગોમાં આરોપીઓએ આક્ષેપિત ગુનો કરેલ હોવાનું શંકારહિત પુરાવાથી પુરવાર કરવામાં ફરીયાદપક્ષ નિષ્ફળ નિવડેલ છે. તેથી આરોપીઓને હાલના ગુનામાં સાંકળી, તકસીરવાન ઠરાવી શકાય તેમ નથી ત્યારબાદ **આંક–૧૬** થી સમાધાન પુરસીસ તેમજ **આંક–૧૭** થી ફરીયાદી ધ્વારા રજુ કરવામાં આવેલ કલોઝીંગ પુરસીસ આપેલ છે તેમા જણાવેલ છે કે, તેઓને કોઈ સાહેદો તપાસવા નથી અને તેઓને આ કેસ આગળ ચલાવવો નથી. તેમ જણાવેલ છે. આમ, ઉપર મુજબનો ફરીયાદપક્ષ ધ્વારા રજુ કરેલ પુરાવો આરોપીઓને તકસીરવાન ઠરાવવા પૂરતો જણાતો નથી, તેથી ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધનો ગુનો નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ હોઈ ન્યાયના હિતમાં નીચે મુજબનો આખરી હુકમ કરવામાં આવે છે.

(૧૧) મુદ્દા નં.(૨)

આમ, ઉપરોકત મુદ્દા નં.૧ ની ચર્ચા ધ્યાને લેતા ફરીયાદપક્ષ આરોપીઓ વિરુધ્ધ મુદ્દા નં.૧ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ નિવડેલ છે ત્યારે કાયદાના પ્રસ્થાપિત સિધ્ધાંત મુજબ શંકાનો લાભ આરોપીઓને મળવા પાત્ર હોય તે સંજોગોમાં મુદ્દા નં.૨ નો નિર્ણય આખરી હુકમ મુજબ ફરમાવવામાં આવે છે :–

## **આખરી હુકમ**

- આ કામના આરોપી નં. (૧) ફિરોજ ઉર્ફે ચૌર મહંમદ હનીફ શેખ, ઉ.વ.પુખ્ત, રહે. મ.નં.૧૪૫૦, બિલાલ મસ્જીદની પાછળ, પટવા શેરી, ત્રણ દરવાજા કારંજ, અમદાવાદ. (૨) મહંમદ હૈદર ઉર્ફે ટીપુ મહંમદહનીફ શેખ, ઉ.વ.પુખ્ત, રહે. મ.નં .૧૪૫૦, બિલાલ મસ્જીદની પાછળ, પટવા શેરી, ત્રણ દરવાજા કારંજ,

અમદાવાદ નાઓને ક્રીમીનલ પ્રોસીજર કોડ કલમ– ૨૪૮(૧) અન્વયે **ઈ.પી.કોડની કલમ : ૩૯૪, ૪૫૨, ૩૨૪, ૩૨૩, ૨૯૪(ખ), ૫૦૬(૨), ૪૨૭, ૧૧૪ તથા જી.પી. એકટ : ૧૩૫(૧)** મુજબના ગુનામાં શંકાનો લાભ આપી નિર્દોષ ઠરાવી છોડી મુકવામાં આવે છે.

- અન્ય મુદ્દામાલ સબંધે વચગાળાના હુકમો કાયમી કરવા તેમજ અન્ય મુદ્દામાલ અપીલ સમય બાદ નાશ કરવો અને જો મુદ્દામાલનો હુકમ થયેલ ન હોય તો મુદ્દામાલ અરજદારની ઓળખની ખરાઈ કરી, કાયદેસરના દસ્તાવેજો લઈ પરત કરવો.
- બિન કિમતી મુદામાલ જો હોય, તો તેઓ અપીલ સમય વિતે નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

હુકમ આજરોજ ખુલ્લી અદાલતમાં હુકમ જાહેર કર્યો.

તારીખ : ૦૧/૦૧/૨૦૨૫
અમદાવાદ.

(પરીમલ પરસોત્તમભાઈ પટેલ)
૧૨ માં અધિક ચીફ જ્યુડિશિયલ મેજીસ્ટ્રેટ,
અમદાવાદ સીટી, કોર્ટ નં. ૫.
કોડ નં. જીજે૦૦૯૪૨.